# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૦ તા.૨૯-૦૭-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- એકમ કસોટી આયોજનમાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ છૂટછાટ આપવા બાબત.

સંદર્ભ:- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૨૯ તા.૨૮-૦૭-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રવર્તમાન કોવીડ-૧૯ મહામારીને લીધે શાળાઓ બંધ હોવા છતાં હોમ લર્નિંગ અંતર્ગત પાઠયપુસ્તકો,ડીડી ગિરનાર ચેનલ પર ધોરણ ૩ થી ૮ના વિધાર્થીઓ માટે પ્રસારણ, ધોરણ ૧ થી ૮ના વિધાર્થીઓ માટે દર માસે ઘરે શીખીએ પુસ્તિકા,શાળા કક્ષાએ વર્ચુઅલ ક્લાસરૂમ વગેરે દ્વારા બાળકોના શિક્ષણનું સાતત્ય જાળવવાના પ્રયાસો કરવામાં આવી રહયા છે.

ચાલુ શૈક્ષણિક સત્રની પ્રથમ બે સામાયિક મૂલ્યાંકન કસોટીઓ(એકમ કસોટી) તા.૨૯-૩૦ જુલાઈ દરમ્યાન યોજવાની સૂચના પરિપત્ર નં.૨૮ તા.૦૨-૦૭-૨૦૨૦ના પરિપત્રથી આપવામાં આવેલ. આ અંગે વિવિધ શિક્ષક સંઘો દ્વારા મળેલ રજૂઆતોને ધ્યાને લઈ છુટછાટ આપવામાં આવેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં આપેલ સૂચનાઓનો ચિવટપુર્વક અભ્યાસ કરી અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા. ૨૯-૦૭-૨૦૨૦

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2020/ 5861-29
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ: 28-07-2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી-તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ
શાસનાધિકારી-તમામ

**વિષય: એકમ કસોટીના આયોજનમાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ છૂટછાટ આપવા બાબત**

સંદર્ભ: ૧. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક:પીઆરઈ/11/2020/192931/ક/તા. 05-06-2020
૨. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક:બમશ/1120/142/છ/તા. 12-02-2020
૩. જીસીઈઆરટી/સીએન્ડઈ/2020/3856-3908 તા. 01-07-2020
૪. માન. મંત્રીશ્રી(શિક્ષણ) સાથે તા.27-07-2020ના રોજ થયેલ બેઠક
૫. નિયામકશ્રી, જીસીઇઆરટીની તા. 28-07-2020ની નોંધ ઉપર મંજૂરી

ઉપરોક્ત વિષય અન્વયે આપ સુવિદિત છો એ મુજબ સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિઓ સુનિશ્ચિત કરવા માટે સમગ્ર રાજ્યમાં ધોરણ ૩થી 12માં પરીક્ષાનું સમાન સમયપત્રક સમાન પ્રશ્નપત્ર લેવાનો નિર્ણય થયેલ છે. પ્રવર્તમાન કોવીડ-19 મહામારીને લીધે શાળાઓ બંધ હોવા છતાં હોમ લર્નિંગ અંતર્ગત પાઠ્યપુસ્તકો, ડીડી ગિરનાર ચેનલ પર ધોરણ ૩થી ૮ના વિદ્યાર્થીઓ માટે પ્રસારણ, ધોરણ 1થી ૮ના વિદ્યાર્થીઓ માટે દર માસે 'ઘરે શીખીએ' પુસ્તિકા, શાળા કક્ષાએ વર્ચ્યુઅલ ક્લાસરૂમ વગેરે દ્વારા બાળકોના શિક્ષણનું સાતત્ય જાળવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ચાલુ શૈક્ષણિક સત્રની પ્રથમ બે સામયિક મૂલ્યાંકન કસોટીઓ(એકમ કસોટીઓ) તા. 29-30 જુલાઈ દરમિયાન યોજવાની સૂચના સંદર્ભ ૩ દર્શિત પરિપત્ર દ્વારા આપવામાં આવેલ. આ અંગે વિવિધ શિક્ષક સંઘો અને કેટલીક શાળાઓ તરફથી મળેલ રજૂઆતોને ધ્યાને લઇ સંદર્ભ દર્શિત પરિપત્રમાં આપવામાં આવેલ સૂચનાઓમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે. જે ધ્યાને લઇ આયોજન હાથ ધરવા જણાવવામાં આવે છે.

- એકમ કસોટીનાં પ્રશ્નપત્રો સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી શકાશે.
- કન્ટેઇનમેન્ટ ઝોનમાં આવેલી શાળાઓ અને એવા ઝોનમાં વસતા વિદ્યાર્થીઓને કસોટીની પ્રિન્ટ આઉટ આપવાનું શક્ય ન હોય તો સોશિયલ મિડિયા દ્વારા વિદ્યાર્થીઓને કસોટી પહોંચાડી શકાશે.
- ધોરણ ૩થી ૮નાં ભાષા અને ગણિતનાં પાઠ્યપુસ્તકોના પહેલા પાઠમાં આપેલ પહેલો QR Code સ્કેન કરવાથી પણ એકમ કસોટીનું પ્રશ્નપત્ર જોઈ શકાશે. આ ઉપરાંત GCERT અને GSHSB ની વેબસાઈટ પર પણ પ્રશ્નપત્રો જોઈ શકાશે.

- તા. 29-30 જુલાઈ દરમિયાન કસોટી યોજીને વિદ્યાર્થીઓની જવાબવહી તા. 31 જુલાઈ સુધીમાં શાળામાં પરત લેવાની સમયમર્યાદા વધારાવામાં આવી છે. નવી સમયમર્યાદા મુજબ કસોટી પહોંચાડવી, વિદ્યાર્થીઓ દ્વારા જવાબો લખવા અને જવાબવહી શાળામાં પરત જમા કરાવવાની મુદત 10 ઓગષ્ટ સુધીની રહેશે.
- કોરોના સંક્રમણ અથવા અન્ય કારણોસર એકમ કસોટીની નોટબુક વિદ્યાર્થીઓને ન પહોંચાડી શકાય એમ હોય તો તેવા વિદ્યાર્થીઓ પોતાની નોટબુકમાં જવાબો લખી શકશે.
- જેમ એકમ કસોટીઓ સોશિયલ મિડિયાના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની છૂટ છે, એજ રીતે વિદ્યાર્થીઓ પોતાની જવાબવહી પણ સોશિયલ મીડિયાના માધ્યમથી શિક્ષકને મોકલી શકે. સંબંધિત શિક્ષકોએ સોશિયલ મીડિયાના માધ્યમથી આવેલી જવાબવહીઓ ચકાસવાની રહેશે.
- એકમ કસોટીઓના સુચારુ આયોજન અંગે આપની કક્ષાએથી શિક્ષકો, વાલીઓ અને બાળકો સાથે પણ ટેલીફોનિક ચર્ચા દ્વારા જરૂરી મોનીટરીંગ ગોઠવશો. રાજ્ય કક્ષાએથી પણ CCC અને અન્ય કચેરીઓ દ્વારા ટેલીફોનિક મોનીટરીંગ ગોઠવવામાં આવશે.

આપ જાણો છો એ મુજબ આ કસોટીઓ એ કોઈ ઔપચારિક પરીક્ષા નથી, પરંતુ અધ્યયન અધ્યાપન પ્રક્રિયાના ભાગ સ્વરૂપે થતું સતત મૂલ્યાંકન છે. ઉપરાંત કસોટીની રચના વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન માટે પ્રેરિત કરે તે મુજબ કરવામાં આવેલી છે. જેથી આ કસોટી વિદ્યાર્થીની અધ્યયન પ્રક્રિયાના ભાગરૂપે પણ છે. ઉપરાંત આ કસોટીઓ દ્વારા શિક્ષક અથવા શિક્ષિત વાલીઓ પોતાના બાળકની કચાશ જાણીને જરૂરી માર્ગદર્શન આપી શકે અને ઉપચારાત્મક કાર્ય કરી શકે. આ ઉપરાંત, હોમ લર્નિંગ અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં શું સુધારા કરવા જેવા છે એ અંગે પણ રાજ્ય કક્ષાએ પ્રતિભાવ મળે.

આપના તાબામાં આવતી શાળાઓને ઉપર મુજબ સૂચનાઓ આપશો. આ ઉપરાંત, સ્થાનિક પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં તથા સોશિયલ પણ આ અંગે બહોળો પ્રચાર પ્રસાર થાય તેવું આયોજન કરશો. ખાસ કરીને વાલીઓ પોતાની દેખરેખમાં બાળકની એકમ કસોટી લે અને બાળકે લખેલા જવાબો પરથી પોતાના બાળકની શૈક્ષણિક સિદ્ધિ અંગે તેઓ વાકેફ થાય તે ખૂબ અગત્યનું છે. વાલીઓ સુધી આ માહિતી પહોંચાડશો.

આભાર સહ,

સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ
માન.સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ, ગાંધીનગર
માન.નિયામકશ્રી, જીસીઇઆરટીપ,ગાંધીનગર
નકલ રવાનાઃ
પ્રાચાર્યશ્રી, ડાયેટ, તમામ